જેના મનમાં શંકા સંશય છે. તેને આ વિશ્વમાં તો આનંદ નહીં મળે પણ અન્ય કોઇ વિશ્વની હયાતી હોય તો પણ એને આનંદ નહીં મળે
- ભગવદ્ ગીતા

આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૨૯) અંક નં. ૧૩૭ | ૨૭ જુલાઇ, ૨૦૧૪, રવિવાર; શ્રાવણ સુદ - ૧ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

## NEWS બિટ્સ

**● એપલ વિશ્વનું સૌથી પાતળુ ટેબ્લેટ લોન્ચ કરશે**

દુનિયામાં હાલમાં સૌથી



પાતળા સ્માર્ટફોન વેચનારી કંપની સેમસંગનો એક રેકોર્ડ એપલ ઝડપથી તોડવા જઈ રહી છે. એપલ હવે દુનિયાનું સૌથી પાતળુ ટેબ્લેટ લોન્ચ કરવા જઈ રહ્યું છે. કંપનીએ પોતાના આ ટેબ્લેટને એપલ આઈપેડ મીનીએરના નામે લોન્ચ કરવાનું વિચાર્યુ છે.

**● ઓબામા પર સત્તાના દુરઉપયોગનો કેસ દાખલ થશે**

અમેરિકામાં પ્રતિનિધિ



સભાની નિયમન સમિતિએ રાષ્ટ્રપતિ બરાક ઓબામા વિરૂદ્ધ સત્તાના દુરઉપયોગ સંબંધિત એક મામલામાં અદાલતમાં દાવો માંડવાના પ્રસ્તાવને મંજુરી આપી દીધી છે. હવે આ બાબત પર પ્રતિનિધિ સભામાં મતદાન કરવામાં આવશે.

**● એસિડ હુમલાના કિસ્સાઓથી સુપ્રિમ ચિંતિત**

એસિડ હુમલાઓનો ભોગ બનનાર પીડિતોના પુર્નવસન સંબંધિત એક જનહિત યાચિકા



પર સુપ્રિમમાં સુનવણી ચાલી રહી છે. દરમ્યાનમાં સુપ્રિમ કોર્ટે આ પ્રકારના હુમલાઓ વિશે ચિંતા વ્યક્ત કરી હતી. સાથે જ આ બાબતે કોર્ટે કેન્દ્ર અને રાજ્ય સરકારોને નોટીસ પાઠવી છે.

**● કોમનવેલ્થ ગેમ્સના ઉદ્‌ઘાટનમાં ઐશ્વર્યા આકર્ષણનું કેન્દ્ર**

ઐશ્વર્યા રાય બચ્ચન



સ્કોટલેન્ડ ખાતેની ૨૦મી કોમનવેલ્થ ગેમ્સની ઓપનીંગ સેરેમનીમાં પહોંચી ગઈ હતી. કાળા કલરના કોટમાં સજ્જ ઐશ્વર્યા આકર્ષક લાગતી હતી. આ સમારોહમાં ઘડીયાળ કંપની લોંજનસના પ્રમુખ પણ હાજર રહ્યા હતા. ઐશ્વર્યા જે સ્વિસ ઘડીયાળની બ્રાન્ડ એમ્બેસેડર છે તેજ ઘડીયાળ આ ગેમ્સમાં ઓફિશિયલ ટાઈમકીપર છે.

# ઝરમરિયા વરસાદથી ખેડૂતો ખુશખુશાલ

## ખેડૂતો હજુ ભારે-સારો વરસાદ ઝંખે છે : તંત્ર દુષ્કાળની ભીતિ દૂર થતા રાહતના મૂડમાં

ગાંધીનગર, તા. ૨૬

ઝરમરિયા વરસાદે દુષ્કાળના ઓછાયા દૂર કરતાં જિલ્લા વહીવટી તંત્રએ રાહતનો દમ જરૂર લીધો છે.જો કે ખેડૂતો હજુ પણ સારા અને ભારે વરસાદની રાહ જોઈ બેઠા છે.

જિલ્લામાં મોડે મોડે પણ સક્રિય થયેલા ચોમાસાને પગલે જિલ્લા તંત્ર એ હાશકારો અનુભવ્યો હતો અને જિલ્લાના બે તાલુકામાં પાંચ ઈંચ કરતાં પણ વધારે વરસાદ થતાં રાહત અનુભવી છે. જો કે ગાંધીનગર અને દહેગામમાં સાડા ચાર ઈંચથી વધુ વરસાદ થયો છે પરંતુ ખેડૂતો હજુ ભારે અને સારા વરસાદની રાહ જોઈ રહ્યા છે.

જિલ્લામાં આજે વરસાદે વિરામ લીધો હતો. જો કે દિવસ દરમિયાન સતત વાદળો ઘેરાયેલા રહ્યા હતા પરંતુ સાંજે વરસાદ હળવો હળવો શરૂ થતાં વાતાવરણમાં પલ્ટો આવ્યો હતો. વરસાદના આગમન પછી વીજ માંગમાં ઘટાડો થવો જોઈએ તે થયો નથી. ઝરમરિયા વરસાદથી જમીનના ભેજ તત્વમાં વધારો જરૂર થયો છે પરંતુ ભારે અને સારા વરસાદની રાહ ખેડૂતો જોઈ રહ્યા છે.

ભારે વરસાદને કારણે પાકને પણ થોડોક વધારે ફાયદો થઈ શકે છે. જો કે કપાસની ખેતીને મળેલા જીવતદાન પછી શાકભાજી અને દિવેલાના પાક પર ખેડૂતોએ વધુ ધ્યાન કેન્દ્રીત કર્યું છે. ઘાસચારાના વાવેતર માટે પણ ખેડૂતો આગ્રહી બન્યા છે.

મોડા ચોમાસાને લઈ આકસ્મિક પાક. આયોજનમાં પણ આ પાકોની જ ભલામણ કરવામાં આવી છે.

જિલ્લા તંત્ર દ્વારા ચોમાસુ સક્રિય થતાં વિવિધ કંટ્રોલ રૂમ શરૂ કરી દેવામાં આવ્યા છે. આ ઉપરાંત જિલ્લામાં મેઘરાજાની વધામણી પણ ઠેર ઠેર થઈ રહી છે.

### મોડીસાંજે વરસાદી ઝાપટુ

ગાંધીનગર, તા. ૨૬

દિવસ દરમિયાન ઉઘાડ નિકળતા વરસાદે વિરામ લીધો હોય એમ વર્તાતું હતું. બફારો પણ અસહ્ય હતો. જ્યારે સાંજે સાત વાગ્યા બાદ ભારે ઝાપટુ પડતાં વાતાવરણમાં ઠંડક પ્રસરી હતી. હજુ આ લખાય છે ત્યારે પણ ગાજવીજ ચાલુ છે, વાદળો ઘનઘોર છે. મોડીરાત્રે પણ મન મૂકીને વરસાદ પડશે એમ મનાય છે. ચોમાસુ જામી રહ્યું છે. ખેડૂતો ઉપરાંત સામાન્ય નાગરિકો પણ ખુશીની લાગણી અનુભવે છે.



(તસવીર : દિપક જાની)

# માંડવીમાં સાત-ભૂજમાં બે ઈંચ વરસાદ

## નખત્રાણામાં પણ સારો વરસાદ ખાબક્યો : શહેરમાં વરસાદી પાણી ભરાઈ જતા વેપારીઓ દુકાન બંધ કરીને ઘરે જતા રહ્યા : પ્રજા તથા ખેડૂતો ખુશખુશાલ

ભૂજ, તા. ૨૬

ગુજરાતના વિવિધ ભાગોમાં ભારે વરસાદનો દોર જારી રહ્યો છે. આજે કચ્છમાં મોટાભાગના તાલુકામાં એક ઈંચથી વધુ વરસાદ પડી ગયો ગયો હતો. ખાસ કરીને માંડવીમાં છ કલાકમાં સાત ઈંચ વરસાદ ખાબક્યો હતો જ્યારે ભુજમાં બે ઈંચ વરસાદ વરસ્યો હતો. નખત્રાણામાં પણ સારા વરસાદના પગલે બજારોમાં પાણી ભરાયા હતા. માંડવીમાં છ કલાકમાં સાત ઈંચ વરસાદ ખાબકતા શહેર જળબંબાકાર થયું હતું. લોકોના ઘરોમાં પાણી ભરાયા હતા. તો બજારોમાં પાણી ભરાતા બંધ કરી વેપારીઓ ઘર ભેગા થયા હતા ભારે વરસાદના કારણે શહેરમાં એક જર્જરીત મકાન પડી ગયું હતું. તો કોડાયમાં વીજશોકથી એક ગાયનું મોત થયું હતું. શહેરના ટોપણસર તળાવમાં નવા નીરનું

● અનુસંધાન પાન-૭ પર



હર હર મહાદેવ - શ્રાવણ મહિનાના મંગલ પ્રારંભે શિવ મંદિરોમાં આજથી ભાવિકોની ભીડ વર્તાઈ હતી. શિવાલયોમાં શ્રાવણ મહિના દરમિયાન પૂજન-અર્ચનના આયોજન થયા છે... શિવધૂન, મહાઆરતી, લઘુરૂદ્ર, મહારૂદ્ર અને ચારેય પ્રહરની પૂજા જેવા વૈવિધ્યપૂર્ણ કાર્યક્રમો ગાંધીનગર શિવ મંદિરોમાં યોજાશે. બિલીપત્ર ચડાવી જીવનના સંકટોને દૂર કરવાની શ્રદ્ધા એક મહિના સુધી ભાવિકો અભિવ્યક્ત કરશે. **(તસવીર : દિપક જાની)**

# સોમવારે કલેક્ટર સિવિલ કેમ્પસનો રાઉન્ડ લેશે

## જાહેર વિતરણ વ્યવસ્થા, આરોગ્ય અને જનસેવા કેન્દ્રનું સઘનીકરણ કલેક્ટરની અગ્રતાના મુદ્દાઓ હોવાની ચર્ચા

ગાંધીનગર, તા. ૨૬

છેલ્લા થોડાક દિવસથી વિવાદમાં આવેલ ગાંધીનગર સિવિલ હોસ્પિટલના પ્રશ્નો અંગે સોમવારે જિલ્લા કલેકટરશ્રી રવિશંકર હોસ્પિટલની મુલાકાતે જઈ રહ્યા છે.

મળતી વિગતો પ્રમાણે ગાંધીનગર સિવિલ હોસ્પિટલની સ્વચ્છતા, સુવિધાઓને લઈ છેલ્લા એક પખવાડિયાથી વિવાદો ચાલી રહ્યા છે. કેમ્પસમાં કોલેજ બિલ્ડીંગનું કન્સ્ટ્રકશન કામ ચાલી રહ્યું હોવાથી પણ અનેક પ્રશ્નો સુવિધાઓને લઈ પણ ઉભા થયા છે.

આ બધા પ્રશ્નોના અભ્યાસ અને ઉકેલ માટે જિલ્લા કલેક્ટરશ્રી રવિશંકર સોમવારે સિવિલ હોસ્પિટલનો રાઉન્ડ લેનાર છે. ખાસ કરીને સિવિલના બીજા અને ત્રીજા માળે ગંદકીના પ્રશ્નો વધુ હોવાની રજુઆતો જિલ્લાતંત્રને મળી રહી છે. તો બીજી તરફ સિવિલમાં હાલની સુવિધાઓને સઘન બનાવવા માટે શું કરવું જરૂરી છે તેની પણ ચર્ચા આ મુલાકાત દરમ્યાન થશે.

જિલ્લામાં કલેકટર તરીકે નિયુક્ત થયા બાદ શ્રી રવિશંકરે આ અગાઉ દહેગામ તાલુકાની મુલાકાત લઈ અને જાહેર વિતરણ વ્યવસ્થાને ચકાસી હતી. તેમણે જિલ્લામાં ચાલી રહેલા રિસર્વેની કામગીરીની પણ સમીક્ષા અલગથી કરી છે.

હવે તેઓ શહેરની સિવિલ હોસ્પિટલની મુલાકાતે જઈ રહ્યા છે. આરોગ્ય, જાહેર વિતરણ વ્યવસ્થા અને શિક્ષણ તેમજ જનસેવા કેન્દ્રોની સેવાનું સઘનીકરણ એ તેમની અગ્રતાના વિષયો હોવાનું જાણવા મળેલ છે.

દરમ્યાન સિવિલ હોસ્પિટલના અંતરંગ સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે સિવિલ સંકુલમાં પાર્કિંગ, ટેલિફોન અને અન્ય સુવિધાઓના મુદ્દે કલેક્ટર સાથે ચર્ચાઓ કરવામાં આવનાર છે. સિવિલ હોસ્પિટલ કેમ્પસમાં ટ્રાફિક પોલીસનો એક પોઈન્ટ ઉભો કરવામાં આવે તેવી માંગ કરાશે. ટેલિફોનની સેવાઓ જે વારંવાર ખોરવાઈ જાય છે તેને લઈ પણ રજુઆતો કરવામાં આવે તેમ મનાઈ રહ્યું છે.

# વડોદરામાં જળબંબાકાર

## વિશ્વામિત્રી નદી ૨૫.૯ ફુટની નવી સપાટીએ : ઉપરવાસમાં પણ ભારે વરસાદના કારણે પાણીની સપાટીમાં વધારો : નીચાણવાળા વિસ્તારો ખાલી કરાવાયા : એક હજારથી વધુ લોકોને સલામત સ્થળે ખસેડાયા : જનજીવન સંપૂર્ણપણે ખોરવાઈ ગયું : વહીવટી તંત્ર સાવધાન

વડોદરા, તા. ૨૬

ગુજરાતમાં ભારે વરસાદની સાથે સાથે હવે મુશ્કેલ સ્થિતિ સર્જવાની પણ શરૂઆત પણ થઈ ગઈ છે. આના ભાગરુપે વડોદરા શહેરમાં મોડીરાત્રે ત્રણ કલાકમાં સવા પાંચ ઈંચ વરસાદ ખાબકતા જળબંબાકારની સ્થિતિ સર્જાઈ હતી. ઉપરવાસમાં પણ થયેલા ભારે વરસાદને લીધે વડોદરા શહેરની મધ્યમાંથી પસાર થતી વિશ્વામિત્રી નદીની સપાટી આજે સવારે ૯:૩૦ વાગ્યે ૨૪.૩ ફુટ થઈ હતી. જે સાંજે છ વાગ્યે વધીને ૨૫.૯ ફુટે સ્થિર રહી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે વિશ્વામિત્રી નદીની ભયજનક સપાટી ૨૬ ફુટ છે, જેથી શહેરના માથે પુરનું સંકટ તોળાઈ રહ્યું છે. તો વડોદરાના મુજમહુડા વિસ્તારના ખેતરોમાં પાણી ભરાઈ જતાં ૩૪ લોકો ફસાયા હતા. ફાયરબ્રિગેડની ટીમે ઘટનાસ્થળે પહોંચી આ લોકોને સલામત રીતે બહાર કાઢ્યા હતા. અન નજીકની પ્રાથમિક શાળામાં આશ્રય આપવામાં આવ્યો હતો. જો કે દિવસ ઢળતા બંધ થતાં લોકોએ હાશકારો અનુભવ્યો છે, પરંતુ આજવા ડેમમાંથી પાણી છોડાતા વિશ્વામિત્રીની સપાટીમાં વધારો થઈ રહ્યો છે. શહેર નજીક આવેલા આજવા ડેમની સપાટી ૨૧૨.૭૫ ફુટ છે. ગત રાતથી જ ડેમના ૬૨ દરવાજા ખોલવામાં આવ્યા હતા. બીજી તરફ મૂસળધાર વરસાદને પગલે શહેરની કાછીયા પોળ સ્થિત એક વર્ષો જુનું બે માળનું મકાન તુટી પડતાં માતા, પિતા તથા પુત્ર સહિત એક જ પરિવારના ત્રણ લોકોના મોત થતાં ચકચાર મચી જવા પામ્યો છે.

વડોદરા જિલ્લાના પાદરામાં ૪૨ મીમી, સાવલીમાં ૯૨ મીમી, વાઘોડિયામાં ૫૮ મીમી અને શિનોરમાં ૧૯ મીમી વરસાદ નોંધાયો

● અનુસંધાન પાન-૭ પર

### આજવા ડેમના હવે ૬૨ દરવાજા ખોલવા પડ્યા

તા. ૧૫ ઓગસ્ટ સુધી આજવા જળાશયની સપાટી ૨૧૨ ફુટે જાળવી રાખવાનો નિયમ છે પરંતુ આજવાના ઉપરવાસમાં ભારે વરસાદના કારણે શુક્રવારે રાત્રે ૨૧૨.૨૦ ફુટની સપાટી પહોંચતા આખરે આજવા ડેમના ૬૨ દરવાજા ખોલી નાંખવામાં આવ્યા હતા. શહેરની ૨૫ ટકા જનસંખ્યાને પાણી પુરૂં પાડતા આજવા જળાશયના ડેમની મજબુતીકરણને ધ્યાનમાં રાખી દર વર્ષે ૧૫ ઓગસ્ટ સુધી તેની સપાટી ૨૧૨ ફુટ સુધી જાળવી રાખવાનો પરિપત્ર છે. જો કે, મોડી સાંજથી પુનઃ મેઘરાજાની મહેર ચાલુ થઈ ગઈ હતી અને આજવાની સપાટી રાત્રે નવ વાગ્યા સુધીમાં ૨૧૧.૯૫ ફુટે સ્થિર રહી હતી.

**બેસણું**




અમારા પિતાશ્રી **તિમોથી બેનેદિત વાઘેલા**નું તા. ૨૪/૭/૨૦૧૪ને ગુરૂવારના રોજ અવસાન થયેલ છે. **સદ્‌ગતનું બેસણું તા. ૨૭/૭/૧૪ને રવિવારના રોજ સવારે ૧૦-૦૦ થી ૧૦-૩૦** કલાકે નીચેના સ્થળે રાખેલ છે.

**સ્થળ : કેથલિક ચર્ચ, સેક્ટર-૮, 'ચ-૩', ગાંધીનગર**

**લિ.**

**ઈન્દીરા અશોક વાઘેલા** | **અશોક તિમોથી વાઘેલા** (સેન્ટ ઝેવિયર્સ)

**પ્રથમ પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ**



**પરમ પૂજ્ય સુરેન્દ્રભાઈ ધીરજરામ વ્યાસ**

સ્વ. તા. ૨૭/૭/૨૦૧૩

તમારો લાગણી ભર્યો
સ્વભાવ યાદ આવે છે.
આંખમાં આંસુ આવે છે
હંમેશા તમારી યાદી રહેશે
પ્રભુ તમારા આત્માને શાંતિ આપે.
પરમ પૂજ્ય પિતાના શ્રીચરણોમાં
સર્વે કુટુંબીજનોના શત શત પ્રણામ
સાથે શ્રદ્ધાંજલિ

ગં.સ્વ. વિનોદીનીબેન સુરેન્દ્રભાઈ વ્યાસ
પૂજાબેન દિનેશભાઈ ગોસ્વામી (પુત્રી)
દિનેશ જે. ગોસ્વામી (જમાઈ)

રહેઠાણ : પ્લોટ નં. ૭૭૨/૧, જાગૃતિ પાર્ક, સે.૩૦, ગાંધીનગર
ફોન નં. (૦૭૯) ૨૩૨૬૦૪૮૦

**વેચવાનું છે.**
સેક્ટર - ૨, ગાંધીનગરમાં
**ટેનામેન્ટ**
સારા લોકેશનવાળું, ૯૦ સ્કવેર મીટરના પ્લોટમાં, બેઝમેન્ટ સાથે.
**98250 08953**

**ટચુકડી જાહેર ખબર**
દર ગુરુવારે-રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧
ફોન : ૨૩૨૩૭૫૭૧
ફેક્સ : ૨૩૨૩૦૫૭૧

**જોઈએ છે**
• LED TV • LCD TV
• Colour TV
જુના બંધ હાલતમાં
શૈલેષભાઈ : ૯૭૧૪૧ ૯૮૩૬૬

**ગાંધીનગર માટે**
આપનું LED TV, LCD TV & Colour TV બગડે તો દુકાને આવવાની જરૂર નથી ફક્ત ફોન કરો
૧ થી ૩૦ સેક્ટર માટે
**સોમનાથ ઈલેક્ટ્રોનિક્સ**
બ્લોક નં. ૩૧૬, ડબલ ડેકર, ચંદ્ર ફોટો સ્ટુડિયોની લાઈનમાં, બીજા માળે, સેક્ટર-૨૪, ગાંધીનગર
ફોન : ૨૩૨ ૮૭૧૧૫, મો. : ૯૭૧૪૧ ૯૮૩૬૬, ૯૪૨૬૨ ૭૦૪૮૧

**મકાન વેચવાનું છે**
ન્યુ ગ્રીનસીટી સેકટર-૨૬, કોમન પ્લોટ પાસે, ૧૫૦ મી. પ્લોટ એરિયામાં આર્કિટેક ડિઝાઈનથી ફુલ બાંધકામ વાળુ મકાન વેચવાનું છે. D'Martની પાછળ
**મો. ૯૮૨૫૦૩૩૭૪૦**

**ઈશ્વરકૃપા ટાયર સર્વિસ**
એપોલો/બીરલા/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા
BIRLA TYRES
CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે